## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના હું તમારી જેમ સામાન્ય માણસ જ હતો... મે મોબાઈલ ફોન ખરીદ્યો અને તેમાંના ધાર્મિક ક્વોટેશન વાંચી વાંચીને મને જ્ઞાન થઈ ગયું...!!!

# પાટનગરમાં ટ્રાફિક સમસ્યાઓ દિનપ્રતિદિન વધી

## સવારે દસ વાગ્યે અને સાંજે છ વાગ્યે શહેરમાં માર્ગો પર વાહનોની ભીડ : શહેરના જાહેર સ્થળો ઉપર યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાનો અભાવ



ગાંધીનગર, તા.૧૩

પાટનગરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યાઓ વધી જવા પામી છે. જેમાં ઓફીસ ટાઈમ વખતે માર્ગો પર જોવાલાયક ટ્રાફિક સર્જાતો હોય છે જેમાં અકસ્માતની ભીતી પણ રહે છે. સવારે દસ વાગ્યાથી એક કલાક સુધી તથા સાંજે છ વાગ્યાથી શહેરમાં અમદાવાદમાં જોવા મળતો ટ્રાફિક ગાંધીનગરમાં પણ જોવા મળી રહયો છે. આ ઉપરાંત ટ્રાફિક સિગ્નલોમાં પણ યોગ્ય સગવડતાનો અભાવ હોવાના કારણે ટ્રાફિક સમસ્યાઓ સર્જાય છે. વાહનચાલકોની બેદરકારી પણ ટ્રાફિક સમસ્યાનું કારણ છે.

ગાંધીનગરમાં જાહેર સ્થળો પર યોગ્ય રીતે વાહન પાર્ક કરવામાં ન આવતા ટ્રાફિક સમસ્યા ઉભી થઈ રહી છે. સે-૨૧માં ટ્રાફિકની સમસ્યાને નાબુદ કરવા માટે પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે તેમ છતાં સેકટર-૨૧માં હજી રજાના દિવસોમાં પાર્કીંગ માટે નાગરિકો વલખાં મારતા જોવા મળતાં હોય છે. શહેરમાં અમદાવાદ જેવો માહોલ બનવા જઈ રહયો છે. ગાંધીનગરમાં વાહનોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. વાહનચાલકો ટ્રાફિક નિયમોનું પાલન પણ નથી કરતા. ટ્રાફિક સિગ્નલોનો ભંગ કરીને વાહનો હંકારતા વાહનો નજરે ચડે છે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતાં નાગરિકોમાં પોલીસ તંત્રનો ભય જ નથી. આ ઉપરાંત નવા ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ટ્રાફિક સિગ્નલોનો અભાવ છે. મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં સિગ્નલો ના હોવાના કારણે ટ્રાફિક સમસ્યા ઉભી થઈ રહી છે. વાહનચાલકો મનફાવે તેમ વાહનો ચલાવી રહયા છે.

કાળા કાચવાળી ગાડીઓ માર્ગો ઉપર બેફામ દોડી રહી છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નથી કરાતી. સ્પીડમાં ચાલતા વાહનોના કારણે અકસ્માતો વધી ગયા છે.

શહેરમાં સૌથી વધુ મોત અકસ્માતમાં નોંધાતા જોવા મળે છે. તેમ છતાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ આવતી નથી. પોલીસ તંત્ર દ્વારા શહેરમાં આ સમસ્યા અંગે નિવારણ લાવવું જોઈએ.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ હાલ સારવાર હેઠળ ખાનગી હોસ્પિટલમાં દાખલ હોવાથી આજની સામાન્ય સભામાં હાજર રહ્યા ન હતા.

● કોંગ્રેસના આક્રમક કાઉન્સીલરો અંકિત બારોટ અને ગજેન્દ્રસિંહ વાઘેલાને ભાજપની મહિલા કાઉન્સીલરોએ આગ્રહ કરી ઠંડા પાણીની ઓફર કરી હતી તથા શાંત પડો ભાઈ કહીને વાત કરવાના પ્રયાસો કર્યા હતા.

● ગાંધીનગર મનપાની આજની સામાન્ય સભામાં ઈન્ચાર્જ કમિશનર તરીકે કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ હાજરી આપી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની મહત્વની બેઠક મળી હતી.

● ગાંધીનગર જિલ્લામાં ૧૪, ૧૫, ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

● જિલ્લામાં ગરમીનો માહોલ ૧૮મી સપ્ટેમ્બર સુધી યથાવત્ રહેવાનું હવામાન પૂર્વાનુમાન છે. મહત્તમ તાપમાન ૩૩-૩૪ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી સે. રહેવાનું પૂર્વાનુમાન છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ હજારથી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર શહેરમાં જંગલી વૃક્ષો વધી જતાં મોલોમસી પણ વધી જવા પામી છે અને વાહનચાલકો ખાસ કરીને દ્વિચકી ચાલકોને ભારે હાલાકી પડી રહી છે.

● ગાંધીનગર શહેરમાં ગાબડા પૂરવાની તેમજ પડેલા ખાડાઓમાં કપચી નાખવાની કામગીરી આડેધડ કરવામાં આવી રહી છે તેમાં ગંદકી પણ વધી છે.

● ગાંધીનગર શહેરમાં એસ.ટી. બસોની અનિયમિતતાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો મોડી ચાલુ કરવાની તેમજ વહેલી બંધ કરવાની નીતિમાં ફેરફાર થાય તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

## નિશુલ્ક હોમિયોપેથિક નિશુલ્ક દવા અને તપાસ શિબિરનું આયોજન



ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત નિશુલ્ક હોમિયોપેથિક દવા અને તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સરકારી હોમિયોપેથિક દવાખાનું, ચિલોડાનાં ડૉ. ઘનશ્યામ પી. પ્રજાપતિ અને અજયભાઈ રાઠોડ દ્વારા લગભગ ૪૦૦ લોકોની તપાસ અને તેમણે નિશુલ્ક દવા આપવામાં આવી હતી શિબિર દરમ્યાન સાદરા ગામનાં સરપંચ મહેશભાઈ રાવલ, તલાટી કિરણભાઈ પરમાર, ડેપ્યુટી સરપંચ અજીતસિંહ અને સાદરા પંચાયત સભ્ય સંજયભાઈ ઠાકોરે મુલાકાત લીધી હતી. રાષ્ટીય સેવા યોજના એકમનાં સ્વય સેવકોએ સાદરા અને કલ્યાણપુર ગામના બધાજ વિસ્તારોમાં જઈ આ કાર્યક્રમની જાહેરાત કરી હતી અને લોકોને આ હોમિયોપેથિક દવા અને તપાસ શિબિરની સંપૂર્ણ જાણકારી આપી હતી તેમાં સ્વય સેવક તરીકે જીનલ વાણીયા, મોતી ભરવાડ, રુચિત રાઠોડ, ન્યુજી ત્રિવેદી, યશ્વી છોડવાડિયા, શક્તિસિંહ વિહોલ, ચિરાગ ઓડ, રણવીર સિંહ રહેવર અને દિગ્વિજય વિહોલએ વિશેષ કામગીરી કરી હતી આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટર અને માર્ગદર્શકની ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ ખાતે યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના વાસણ ખાતે તારીખ ૧૩ સપ્ટેમ્બરે શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટીના એલિસબ્રિજ ઉત્તર વિભાગના 'યુવક મહોત્સવ-૨૦૨૨ નો ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તારીખ ૧૩ મી સપ્ટેમ્બરે સવારે ૭ વાગ્યે વાસણીયા મહાદેવથી બાપુ ગુજરાત નોલેજ વિલેજની શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ સુધી માર્ચ પાસ્ટ યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીની ૩૭ કૉલેજોના ટેબ્લોથી વાસણ મહાદેવથી બાપુ કેમ્પસ સુધીનો રસ્તો યુવાન વિદ્યાર્થીઓની કલાત્મક પ્રસ્તુતિ વડે શોભી ઉઠ્યો હતો. આ મહોત્સવનો શુભારંભ તારીખ ૧૩ મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને ભરતસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ તેમને સૌ આમન્ત્રિતોને સહર્ષ સંબોધિત કર્યા હતા. આ કાર્યક્રમની શરુઆત સમર્પણ શાળાની વિદ્યાર્થિનિયોની સુંદર ગણેશ વંદનાથી થઈ હતી, જેનાથી સમગ્ર વાતાવરણ મંગલમય બની ગયુ હતુ. જેમાં જાણીતા હાસ્ય કલાકાર, ચિંતક અને વકતા ડૉ. જગદીશભાઈ ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમને વિધાર્થિયો ને જરુરી મહાત્વપૂર્ણ માર્ગદર્શન પુરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના નિમંત્રક ડૉ. રવિન્દ્ર ગોલ-આચાર્ય તેમજ ડૉ. વી. કે. ચાવડા, નિયામક, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તમામ આમન્ત્રિત સંસ્થાઓને આવકાર્યા હતા અને શુભેચ્છાઓ આપી હતી. બે દિવસ ચાલનારા આ મહોત્સવમાં ગુજરાત યુનિવર્સિટીના ઉત્તર વિભાગની ૩૭ કૉલેજના આશરે ૧૦૮૦ જેટલા વિદ્યાર્થીઓએ કુલ ૩૨ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

## ન્યાય આપવા બદલ સર્વોચ્ચ અદાલતનો આભાર માનતા પીડબલ્યુડી એન્ડ ફોરેસ્ટના રોજમદારો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતેના પીડબલ્યુડી એન્ડ ફોરેસ્ટ એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા પાટનગર ખાતેની ઈન્કવાયરી કચેરીઓ તેમજ બગીચા ખાતામાં વર્ગ-૩-૪ માં ઘણાં વર્ષોથી ફરજ બજાવતા કાયમી રોજમદારોને નિયમિત કર્મચારીઓની જેમ નોકરીના લાભાલાભો મળતા નહોતા તે અંગેના કેસમાં સુપ્રિમકોર્ટ દ્વારા યુનિયનની તરફેણમાં આપેલા ચુકાદા અંગે સર્વોચ્ચ અદાલતનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. યુનિયન દ્વારા અખબારીયાદીમાં જણાવ્યાં અનુસાર તા. ૧૭મી ઓક્ટોબર-૧૯૮૮ના ઠરાવોથી કાયમી કરવામાં આવેલા કાયમી રોજમદારોને નિયમિત કર્મચારીઓની જેમ લાભાલાભો આપવામાં આવતાં નહોતા જે અંગે ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરીને કેસ જીતી જતા રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્ટે લાવવામાં આવ્યો હતો જે અંગેની મુદત ગત તા. ૧લી સપ્ટેમ્બરના રોજ હતી જેમાં સુપ્રિમ કોર્ટે કાયમી રોજમદારોની તરફેણમાં ચુકાદો આપીને સ્ટે ડીસમીસ કરવા સાથે તેમને મળવાપાત્ર લાભાલાભો ચુકવવા આદેશ કર્યો છે જેના પગલે રોજમદારોમાં આનંદની લાગણી પ્રવર્તવા પામી છે. આ કેસમાં યુનિયનને મદદરૂપ થનાર ગુજરાત હાઈકોર્ટના વકીલ તથા યુનિયનના ઉપપ્રમુખનો પણ રોજમદાર કર્મચારીઓ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## રખિયાલમાં વિપુલ ચૌધરીની બાઈક રેલી યોજાઈ

### દહેગામના રખિયાલ ગામે સંગઠનની બેઠક




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા દહેગામ તાલુકાના રખિયાલ ગામે અર્બુદા સેનાની સંગઠનની બેઠક પૂર્વ ગૃહમંત્રી અને અમૂલ ફેડરેશનના પૂર્વ ચેરમેન વિપુલભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. મંદિરે દર્શન કર્યા બાદ નીકળેલી બાઈક રેલી વાજતે ગાજતે સભા સ્થળે પોહચી હતી. રખિયાલ ગામની અર્બુદા સેનાની મહિલા સેના દ્વારા માતાજીના ગરબા ગાઈને સ્વાગત કરાયું હતું.

રખિયાલ ગામના યુવક મંડળના યુવાનો અને આગેવાનોએ દ્વારા વિપુલભાઈ ચૌધરીનું ફૂલનો હાર અને મોમેન્ટો આપવામાં આવ્યો હતો. ઉપરાંત અર્બુદા સેનાના દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારનાં સભ્યોએ અર્બુદા સેનાના ફોમ જમાં કરાવ્યા હતા. વિપુલભાઈ ચૌધરીએ કહ્યું કે, હવે સમાજની એકતા બતાવવાનો સમય આવી ગયો છે, ગુજરાતના ચૌધરી સમાજે એકઠા થવું પડશે. સામજિક સમરસતા સાથે દરેક સમાજને સાથે રાખીશું. ગુજરાતમાં ચૌધરી સમાજનો ઓબીસીમાં સમાવેશ થયો છે તેવી જ રીતે આ ડબલ એન્જિનની સરકારમાં કેન્દ્રમાં પણ ચૌધરી સમાજને ઓબીસીમાં સ્થાન આપવામાં આવે તેવું જણાવ્યું હતું.



ચિલોડાથી પાલજ જવાના માર્ગે થોડા સમય પહેલા જ વરસાદી પાણીના નીકાલ માટે પાઈપલાઈન નાંખવામાં આવી છે. આ પાઈપલાઈનનું એક ઢાંકણુ તુટી ગયુ છે જે વાહનચાલકો માટે જોખમરૂપ બન્યુ છે.

## નિસર્ગ દ્વારા આયોજિત સાયન્સ ડ્રામામાં આર એન પટેલ શાળાએ ભાગ લીધો



ગાંધીનગર, તા. ૧૩

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાએ તા. ૧૩-૯-૨૨ને મંગળવારના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત સાયન્સ ડ્રામામાં ભાગ લીધો હતો. ગાંધીનગર તાલુકાની જુદી જુદી ૧૧ શાળાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓના અભિનય કળા દ્વારા વ્યક્ત કરી સમાજ સુધારણાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. રસીકરણ જાગૃતિ જીવનની ગુણવત્તા સુધારવા માટે ટેકનોલોજી નવીનીકરણ મૂળભૂત વિજ્ઞાન અને ટકાઉ વિકાસ આવા જુદા જુદા વિષય પર વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ રજૂ કરેલ હતી. અમારી શાળાના ધો-૮ના વિદ્યાર્થી કંસારા જૈનીલ, રહેવર વિશ્વદિપ, પટેલ શુભ, ચાવડા દિવ્યરાજ, વણઝારા રણવીર, દેસાઈ ભવ્ય, ઠાકર કશ્યપ અને ઠક્કર પ્રાચીએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. શાળાના શિક્ષિકા પારૂલબેન પટેલ તથા તમામ ભાગ લેનાર બાળકોની શાળાના આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



રખડતા ઢોર મામલે કડક કાર્યવાહી કરવાનો હાઈકોર્ટે આદેશ આપ્યો હોવા છતાં હજુ સ્થિતિ જૈસે થૈ... જેવી જ છે. કોર્પોરેશન દ્વારા રખડતા પશુઓને ડબ્બે પૂરવાની કોઈ સઘન કામગીરી થઈ હોય તેવુ તો લાગતુ જ નથી. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે માર્ગો પર રખડતા પશુઓનો જમાવડો જોઈ શકાય છે. બોરીજ જૈન દેરાસર જવાના માર્ગે રાત્રીના સમયે રખડતી ગાયો જાણે અડીંગો જ જમાવી દે છે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગણેશ ઉત્સવ અંતર્ગત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા તાજેતરમાં પ્રસાદ બનાવવાની સ્પર્ધા અને ગણેશજીના ભજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ ઉત્સવ અંતર્ગત આયોજીત આ સ્પર્ધામાં પ્રસાદ બનાવવાની સ્પર્ધામાં ભારતીબેન પોપટ પ્રથમ ક્રમે અને ભજનમાં પણ તેઓ બીજા ક્રમે વિજેતા રહ્યા હતા.


**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**
**જાહેર નિવિદા**

નાણાકીય વર્ષ : ૨૦૨૨-૨૩ના હિસાબો ટેલીમાં લખવા અને વૈધાનિક કપાત અંગેની કામગીરી માટે રસ ધરાવતી / અનુભવ ધરાવતી પેઢી / વ્યક્તિ પાસેથી તા. ૨૦/૯/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં ડાવપત્રકો મંગાવવામાં આવે છે. વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર મુકવામાં આવેલી છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૮/૯/૨૦૨૨
કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
માહિતી/૧૩૪૨/૨૨-૨૩



**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ - ૨૦૨૨-૨૩
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૯૯/૨૦૨૨-૨૩ | Providing and Laying Water distribution Network & Sewerage Network including O & M 5 years in Ambapur Village of GMC Area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૧૩,૦૮,૧૪૧/- |
| ૧૦૦/૨૦૨૨-૨૩ | Providing and Laying Sewerage Network and House Connection for Water Supply work in Sargasan Gamtal & TP-07 (Part) with O & M for 5 years in GMC Area. | રૂ. ૧૨૦૦૦/- | રૂ. ૫,૦૮,૫૪૯/- |
| ૧૦૧/૨૦૨૨-૨૩ | Development of Garden, T.P 409/B, Plot No. 280, Including O & M of 2 years at Zundal under Gandhinagar Municipal Corporation. | રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૭૨,૧૪૪/- |
| ૧૦૨/૨૦૨૨-૨૩ | Development of Garden at Zundal (TP-74, FP-175), Gandhinagar for Gandhinagar Municipal Corporation. | રૂ. ૬૦૦૦/- | રૂ. ૪,૫૪,૧૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૪/૯/૨૦૨૨ થી તા. ૫/૧૦/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www..nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૬/૧૦/૨૦૨૨ થી ૧૦/૧૦/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૧૧/૧૦/૨૦૨૨ના રોજ સમય ૧૨:૦૦ કગલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૩૭૯/૨૨-૨૩